# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

ભાદરવા સુદ - ૦૫ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૮૪ ● તારીખઃ ૧૬.૦૯.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

કાં તો સાવ ઓગળી જવું, કાં તો સાવ ઠરી જવું, પ્રેમ માં વચ્ચેના રસ્તા નથી હોતા!







કચ્છ જિલ્લામાં છેલ્લા બે દિવસથી મેઘરાજાએ ધમાકેદાર સાર્વત્રિક મહેર વરસાવતા તમામ ૧૦ તાલુકાઓમાં ૨ થી સાડા ૭ ઈંચ સુધીનો નોંધપાત્ર વરસાદ નોંધાયો છે, જેના પગલે લાંબા સમયથી વરસાદની વાટ જોઈ રહેલા સ્થાનિકો, ખેડૂતો અને પશુપાલકોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં અંજાર તાલુકામાં સૌથી વધુ સાડા ૭ ઈંચ, ગાંધીધામમાં પોણા ૫ ઈંચ, ભચાઉમાં સાડા ૪ ઈંચ, મુન્દ્રામાં સાડા ૩ ઈંચ, ભુજમાં સવા ૩ ઈંચ, લખપતમાં ૩ ઈંચ અને રાપરમાં અઢી ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. આ ભારે વરસાદના કારણે ભુજના ઐતિહાસિક હમીરસર તળાવ તેમજ મોટા બંધ સહિત જિલ્લાના જળાશયોમાં વિપુલ પ્રમાણમાં નવા નીરની આવક થઈ છે. આ સિઝનથી ખરીફ પાક અને ઘાસચારાની સ્થિતિ સુધરવાની આશા બંધાતાં ખેડૂતોને મોટી રાહત મળી છે, સાથે જ સમગ્ર કચ્છમાં વાતાવરણ આહલાદક અને ઠંડુગાર બની ગયું છે.

## રાજકોટ ડિસ્ટ્રિક્ટ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી ખળભળાટઃ ખાલિસ્તાની સંગઠનના નામે આવ્યો મેઈલ

**સમય સંદેશઃ રાજકોટ**

રાજકોટની ડિસ્ટ્રિક્ટ કોર્ટને બોમ્બ ધમાકાથી ઉડાવી દેવા તેમજ ડ્રોન હુમલો કરવાની ધમકી આપતો મેઈલ કોર્ટના ઓફિશિયલ ઇ-મેઈલ સરનામા પર મળતાં ભારે ચિંતા અને ખળભળાટ મચી ગયો છે.

અગાઉ પણ ગુજરાતની વિવિધ અદાલતોને આવી ધમકીઓ મળી ચૂકી છે, ત્યારે ફરી એકવાર કોર્ટ જેવા સંવેદનશીલ અને ન્યાયિક પરિસરને નિશાન બનાવવાની ચેતવણી મળતાં સુરક્ષા તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું છે. આ ધમકીભર્યા મેઈલમાં 'બબ્બર ખાલસા ઇન્ટરનેશનલ' જેવા ખાલિસ્તાની સંગઠનના નેતાઓના નામોનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાથી મામલાની ગંભીરતા વધવા પામી છે.

રોજિંદા ધોરણે મોટી સંખ્યામાં વકીલો, અરજદારો અને કર્મચારીઓની અવરજવર ધરાવતી કોર્ટમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવી દેવામાં આવી છે. આ ધમકી પાછળ ખરેખર કોઈ મોટું ષડયંત્ર છે કે પછી માત્ર ભયનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ છે તે દિશામાં સાયબર સેલ અને વિવિધ સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ આદરવામાં આવી છે.

## દ્વારકાધીશ જગત મંદિરમાં પ્રતિબંધ છતાં ગાયિકા કિંજલ દવેના ફોટા વાયરલ થતાં વિવાદઃ સામાન્ય શ્રદ્ધાળુઓમાં ભારે રોષ

### સુરતના યુટ્યુબર સામે FIR દાખલ કરનાર તંત્ર સેલિબ્રિટી સામે કડક પગલાં ભરશે કે કેમ? તેના પર સૌની નજર



**સમય સંદેશઃ દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં આવેલા વિશ્વપ્રસિદ્ધ જગતમંદિર પરિસરમાંથી જાણીતી લોકગાયિકા કિંજલ દવેના ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં નવો વિવાદ ઊભો થયો છે. મંદિર પરિસરમાં કેમેરા અને મોબાઈલ ફોન લઈ જવા પર સખત પ્રતિબંધ હોવા છતાં સેલિબ્રિટી માટે નિયમો નેવે મૂકાતા સામાન્ય ભાવિકો અને નેટિઝન્સમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

અહેવાલો મુજબ, ગાયિકા કિંજલ દવેએ ત્રણેક દિવસ પહેલાં દ્વારકાધીશના દર્શન કર્યા હતા. આ મુલાકાત દરમિયાન મંદિર પરિસરમાં જ તેમના ફોટોગ્રાફ્સ પાડવામાં આવ્યા હતા, જે સોશિયલ મીડિયા પર અપલોડ થતાં જ વાયરલ

**અનુ પાના નં.૨ પર**

## જામનગરમાં શાક માર્કેટ પાસે જર્જરિત ઈમારતનો સ્લેબ ધરાશાયીઃ દુકાન પર કાટમાળ પડ્યો

### દાવલશા ફળી વિસ્તારની ઘટનામાં સદનસીબે જાનહાની ટળીઃ મનપાએ અગાઉ બિલ્ડિંગ ઉતારી લેવા નોટિસ આપી હતી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગીચ ગણાતા સુભાષ શાક માર્કેટ રોડ પર આવેલા દાવલશા ફળી વિસ્તારમાં અચાનક એક જર્જરિત ઇમારતનો સ્લેબ ધસી પડવાની ઘટના સામે આવી છે. લાંબા સમયથી બિલ્ડિંગ જર્જરિત હાલતમાં હોવાથી તેનો એક ભાગ ધડાકાભેર નીચે પડી ભાંગ્યો હતો. આ ઘટના બનતા જ આસપાસના વેપારીઓ અને સ્થાનિકોમાં ક્ષણભર માટે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

મકાનનો સ્લેબ તૂટી પડતાં તેનો તમામ કાટમાળ સીધો નીચે આવેલી એક દુકાન પર ખાબક્યો હતો. આ દુકાનનો ઉપયોગ વેપારી દ્વારા શાકભાજીનો જથ્થો સંગ્રહ કરવા માટે કરવામાં આવતો હતો, જેના કારણે દુકાનમાં રહેલા સામાનને નુકસાન પહોંચ્યું છે. જોકે, બનાવ સમયે દુકાનમાં કે નીચે કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી સદનસીબે મોટી જાનહાની ટળી છે અને તંત્ર સહિત સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે.

ઉલ્લેખનીય છે કે, આ અત્યંત ભયજનક અને જર્જરિત બિલ્ડિંગને ભયમુક્ત કરવા તેમજ તેને તોડી પાડવા માટે મહાનગરપાલિકાના તંત્ર દ્વારા અગાઉ નોટિસો પણ આપવામાં આવી હતી. બનાવ બાદ સ્થાનિક રહીશો દ્વારા તુરંત આ મામલે મનપાના સંબંધિત વિભાગને જાણ કરવામાં આવી હતી, જેના આધારે કાટમાળ ખસેડવાની અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.






તસવીરઃ હિરેન ગાંધી

## જામનગરમાં પ્રધાનમંત્રીના જન્મદિને પ્રગટશે 'આશીર્વાદનો દીવડો': બાલા હનુમાન મંદિર અને રણમલ તળાવ પરિસર રોશનીથી ઝળહળશે

### જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઉચ્ચસ્તરીય બેઠકમાં આયોજનને આખરી ઓપઃ ૧૭મીએ સાંજે રણમલ તળાવમાં નગરજનો માટે ફ્રી એન્ટ્રી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આગામી તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ ને ગુરુવારના રોજ જામનગરના વિશ્વવિખ્યાત શ્રી બાલા હનુમાન મંદિર તેમજ પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર રણમલ તળાવ

પરિસરમાં 'આશીર્વાદનો દીવડો' નામના ભવ્યાતિભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન અવસરે હજારોની સંખ્યામાં જામનગરવાસીઓ એકત્ર થઈને દીપ પ્રગટાવશે અને સમગ્ર પરિસરને ભક્તિ તેમજ શુભકામનાઓના પ્રકાશથી ઝળહળતું કરશે.

આ દિવ્ય આયોજનને સફળ

**અનુ પાના નં.૨ પર**

## તંત્રના પાપે પ્રજા પરેશાનઃ જામનગરમાં રોડના કામે પ્રજાની હાલાકી વધારીઃ ખાડામાં ફસાયો સીસી બ્લોક ભરેલો ટ્રક

### ગાંધીનગર વોર્ડ નં.૨માં રોડ ખોદાયા બાદ પાણીની લાઇન તૂટીઃ કામગીરી સામે સ્થાનિકોમાં રોષ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

જામનગર શહેરના ગાંધીનગર વોર્ડ નં.૨માં ચાલી રહેલી રોડની કામગીરી સામે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ભીડભંજન મહાદેવ મંદિરની સામેના ભાગે કોર્પોરેશન દ્વારા રસ્તો ખોદી તેમાં માટી નાખી ઢાંકી દેવામાં આવ્યા બાદ માર્ગની સ્થિતિ કથળતા સીસી બ્લોક ભરેલો ટ્રક રસ્તાના ખાડામાં ફસાઈ ગયો હતો. ભારે વાહન ખાડામાં ફસાઈ જતા રોડની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, રોડનું કામ શરૂ કરતા પહેલાં કે કામગીરી દરમિયાન પાણીની લાઇનની યોગ્ય તકેદારી લેવામાં આવી ન હોવાના કારણે પાણીની લાઇન પણ તૂટી હતી. એક તરફ રોડની કામગીરીના કારણે પાણીની લાઇન તૂટવાની સમસ્યા સર્જાઈ તો બીજી તરફ રસ્તો ખોદીને યોગ્ય રીતે પુરાણ કર્યા વગર વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાતા ભારે વાહન ખાડામાં ફસાયું હતું.

રસ્તાના કામના નામે ખોદકામ કર્યા બાદ માર્ગની સ્થિતિ કેવી રીતે પૂર્વવત્ કરવામાં આવી રહી છે તેને લઈને પણ લોકોમાં નારાજગી છે. ખાસ કરીને રહેણાંક અને અવરજવરવાળા વિસ્તારમાં આવી કામગીરીના કારણે સ્થાનિકો, વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલી પડી રહી હોવાની રાવ ઉઠી છે.

**કોન્ટ્રાક્ટર સામે દેખરેખનો અભાવ?**

રોડનું કામ કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવી રહ્યું હોય તો કામગીરી દરમિયાન મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓની દેખરેખ કેટલી છે તેવો સીધો સવાલ પણ ઉઠી રહ્યો છે. રોડ ખોદાયા બાદ તેમાં માત્ર માટી નાખીને માર્ગને ઢાંકી દેવામાં આવે અને ત્યારબાદ ભારે વાહન ખાડામાં ફસાઈ જાય તો કામગીરીની ગુણવત્તા તથા સલામતીના ધોરણો સામે પ્રશ્નો ઉભા થાય તે સ્વાભાવિક છે.

સ્થાનિકોમાં એવી પણ રાવ છે કે કોન્ટ્રાક્ટરો તથા સત્તાધીશોની મનમાની સામે પ્રજા લાચાર બની રહી છે. કામ શરૂ કરતા પહેલાં સ્થાનિકોને પડતી અગવડ, પાણીની લાઇન જેવી જરૂરી સુવિધાઓ અને વાહનવ્યવહાર અંગે યોગ્ય આયોજન કરવામાં આવે તેવી લોકોની માંગ છે.

હવે સવાલ એ છે કે રોડનું કામ પ્રજાની સુવિધા માટે થઈ રહ્યું છે કે પછી અડધું-અધૂરું આયોજન કરીને પ્રજાની મુશ્કેલી વધારવા માટે? પાણીની લાઇન તૂટવા અને ટ્રક ખાડામાં ફસાવાની ઘટના બાદ કોર્પોરેશનના જવાબદાર તંત્ર દ્વારા કામગીરીની તપાસ કરવામાં આવશે કે નહીં અને બેદરકારી માટે જવાબદારી નક્કી થશે કે નહીં તે જોવું રહ્યું.

## જામનગરના રાજપાર્કમાં આંગણવાડીમાં પાણી ભરાતાં બાળકો-વાલીઓ પરેશાનઃ નગરસેવકો પાસે તાત્કાલિક ઉકેલની માંગ





તસવીરઃ હિરેન ગાંધી

જામનગરના વોર્ડ નંબર ૧૦માં આવેલા રાજપાર્ક વિસ્તારના નંદઘર કેન્દ્ર-૪ (આંગણવાડી)માં સામાન્ય વરસાદમાં પણ પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યા સામે આવી છે. થોડા જ વરસાદમાં આંગણવાડી પરિસરમાં પાણી ભરાઈ જતાં અહીં આવતા નાના બાળકો અને તેમના વાલીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ કાયમી સમસ્યાના કારણે બાળકોના અભ્યાસ અને આરોગ્ય પર પણ અસર પડી રહી હોવાથી વાલીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. વિસ્તારના નગરસેવકો દ્વારા આ સમસ્યા તરફ તાત્કાલિક ધ્યાન આપીને નંદઘર કેન્દ્રમાં ભરાતા પાણીનો કાયમી અને ઝડપી ઉકેલ લાવવામાં આવે તેવી ઉગ્ર માંગણી વાલીઓ તેમજ સ્થાનિક રહીશો દ્વારા કરવામાં આવી રહી છે.

## તંત્રી સ્થાનેથી..

### ડિઝીટલ લોનની જાળ !

જરૂરિયાતમંદ લોકોને સરળતાથી લોન મળે છે. વ્યાજ દરો બેંકો કરતા ઘણા વધારે છે, પરંતુ તે પછી જે થાય છે તે ડિજિટલ વિશ્વ માટે ખૂબ જ ખતરનાક છે. એપ્સ ફોનમાં ડાઉનલોડ થાય છે. છેતરપિંડી કરનાર લોન એપ્લિકેશન્સ ગેરકાયદે રીતે લોન લેનારાઓના ફોન ડેટાની નકલ કરે છે. તે ડેટાનો ઉપયોગ દેવાદારોને હેરાન કરવા માટે કરવામાં આવે છે જ્યારે તેઓ ચુકવણીમાં વિલંબ કરે છે. પોલીસ તપાસ દર્શાવે છે કે આ છેતરપિંડી કેવી રીતે થાય છે. હેરાનગતિનો એક માર્ગ એ છે કે ઋણ લેનારનો ફોટો વિકૃત કરીને તેની સંપર્ક યાદીમાં રહેલા લોકોને મોકલે છે. જેના કારણે ઘણી વખત લોન ધારકોએ આપઘાત પણ કર્યો છે. આરબીઆઈનું કાર્યક્ષેત્ર બેંકો, એનબીએફસી જેવા નાણાકીય મધ્યસ્થીઓ સુધી મર્યાદિત છે. તે બધા પણ હંમેશા નિર્દોષ નથી હોતા. ગયા વરસે તેમની સામે ૧,૦૬૨ ફરિયાદો નોંધવામાં આવી હતી, પરંતુ ગેરકાયદે લોન એપ્સનો મામલો અલગ સ્તરનો છે. કેટલાક કિસ્સાઓમાં, તપાસમાં જાણવા મળ્યું છે કે એપ્સ હોંગકોંગથી કાર્યરત ચીની કંપનીઓની માલિકીની છે. લોન એપના ગુનામાં મની લોન્ડરિંગનો એંગલ પણ છે. આ કારણોસર, તેમની સાથે વ્યવહાર કરવા માટે ઘણી એજન્સીઓએ સાથે મળીને કામ કરવાની જરૂર છે. જે રીતે ઓટીટી પ્લેટફોર્મ પર આજકાલ અપશબ્દોથી ભરચક હિન્દી સિરિયલો ધૂમ મચાવે છે ને એના સુધી સેન્સર બોર્ડ પહોંચી શક્યું નથી એવું જ લોન એપ્લિકેશન ક્ષેત્રમાં છે કે જ્યાં દર મિનિટે હજારોની સંખ્યામાં મધ્યમ કે ગરીબ સ્તરનો ભારતીય નાગરિક શિકાર બની રહ્યો છે. ભારત સરકારના હુકમ પર એપ્રિલ ૨૦૨૫ થી જુલાઈ ૨૦૨૫ વચ્ચે પ્લે સ્ટોર પરથી ૨,૫૦૦ થી વધુ એપ્સ દૂર કરવામાં આવી હતી. આ એક સતત પ્રક્રિયા છે જેની સાથે જનજાગૃતિ અભિયાન, ઝડપી પોલીસ તપાસ અને ગુનેગારો સામે ઝડપી ટ્રાયલ થવી જોઈએ. પરંતુ ભવિષ્યમાં આવી સમસ્યાઓ ઊભી ન થાય તે માટે કાનૂની માધ્યમથી લોન લેવાની પ્રક્રિયા સરળ બને તે જરૂરી છે. લોન એપ્સનો બે નંબરી કારોબાર વધ્યો છે એ જ બતાવે છે કે એક નંબરી રસ્તે નાગરિકોને આસાનીથી લોન મળતી નથી. નિર્મલા સીતારામને દેશની બેન્કો કે જે કોરોના પછી ઊંચા એનપીએ સાથે ગોથા ખાતી હતી એને બેઠી કરવા માટે કરોડો રૂપિયાનું પેકેજ જાહેર કર્યું હતું ને એનાથી બેન્કો બેઠી થઈ પણ ગઈ. પરંતુ દેશ હવે માત્ર રાષ્ટ્રીય કૃત બેન્કો પર ચાલતો નથી. હજારો ખાનગી ફાઈનાન્સ કંપનીઓ આજે પ્રજા માટે એક મોટો આધાર છે. એના તરફ સરકાર ધ્યાન આપતી નથી.



# હાલારના હાલહવાલ



## દ્વારકા શારદાપીઠમાં શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજીનો ૧૦૨મો જન્મોત્સવ ઉજવાયો

**સમય સંદેશઃ દ્વારકા**



કેવડા ત્રીજની પાવન તિથિએ દ્વારકાની શારદાપીઠ ખાતે બ્રહ્મલીન દ્વારકા શારદાપીઠાધીશ્વર તથા જ્યોતિષ્પીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજનો ૧૦૨ મો જન્મોત્સવ શ્રદ્ધા અને અત્યંત ધાર્મિક માહોલ વચ્ચે ભવ્ય રીતે ઉજવાયો હતો. આ પ્રસંગે વહેલી સવારથી જ શારદાપીઠમાં વિવિધ ધાર્મિક અનુષ્ઠાનોનો પ્રારંભ થયો હતો. ગુરુગાદી ખાતે ભગવાન શ્રી ચંદ્રમૌલિશ્વર મહાદેવનો વૈદિક મંત્રોચ્ચાર સાથે વિધિવત્ રૂદ્રાભિષેક કરાયો હતો તથા ભગવાન શ્રી દ્વારકાધીશજીના મુખ્ય મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.

આ ધાર્મિક ઉત્સવ દરમિયાન બ્રહ્મલીન શંકરાચાર્યજીની પાદુકાનું પૂજન કરવામાં આવ્યું હતું અને બ્રહ્મચારી નારાયણાનંદ મહારાજ દ્વારા આરતી સહિતના કાર્યક્રમો સંપન્ન કરાયા હતા. આ પાવન અવસરે સંતો-મહંતોની વિશેષ ઉપસ્થિતિમાં શારદાપીઠ ખાતે ભવ્ય ભંડારાનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સંતો અને શ્રદ્ધાળુઓએ પ્રસાદીનો લાભ લીધો હતો. સમગ્ર કેવડા ત્રીજના દિવસે વિવિધ ધાર્મિક વિધિઓને કારણે શારદાપીઠ પરિસરમાં દિવ્ય આધ્યાત્મિક વાતાવરણ છવાયેલું રહ્યું હતું.

## ખંભાળીયાનો શિરેશ્વર લોકમેળો સાંસદ અને ધારાસભ્યના વરદ હસ્તે ખુલ્લો મુકાયો

### વરસાદી માહોલ અને તંત્રની જરૂરી મંજૂરી વગર પ્રથમ દિવસે ફિક્કો રહ્યો

**સમય સંદેશઃ ખંભાળિયા**






ખંભાળિયાના આકર્ષણરૂપ અને મીની તરણેતરના મેળા તરીકે ખ્યાતિ પામેલા શકિતનગર વિસ્તારના શિરેશ્વર લોકમેળાનો સોમવારે સાંજે શુભારંભ થયો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ યોજાયેલા ચાર દિવસીય લોકમેળાનું ઉદઘાટન રાજ્યસભાના સાંસદ જીતેન્દ્રભાઈ કણજારીયા તથા સ્થાનિક ધારાસભ્ય મુળુભાઈ બેરાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના હોદ્દેદારો સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મેળાના પ્રથમ દિવસે જ વરસાદનું વિઘ્ન નડતા મેળારસિકોની મજા બગડી હતી. આ ઉપરાંત, લોકમેળામાં આવેલી વિવિધ રાઇડ્ઝને સરકારી તંત્ર તરફથી જરૂરી મંજૂરીઓ ન મળી હોવાના કારણે પ્રથમ દિવસે રાઇડ્ઝ શરૂ થઈ શકી નહોતી. વરસાદ અને રાઇડ્ઝ બંધ રહેવાના કારણે મેળામાં પહોંચેલા લોકોમાં થોડી નિરાશા જોવા મળી હતી. મંગળવારે વરસાદનું જોર થોડું નબળું પડતાં લોકોમાં આશાનું કિરણ જાગ્યું છે. જો સમયસર તંત્ર તરફથી રાઇડ્ઝ માટેની તમામ જરૂરી મંજૂરીઓ મળી જશે, તો આવનારા દિવસોમાં મેળારસિકો આ લોકમેળાની મન ભરીને મજા માણી શકશે.

## જામનગરની શાળા નં.૧૮નું રાજ્ય મેરીટ બદલ સન્માન




**સમય સંદેશઃ જામનગર**

શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાના જન્મદિવસ નિમિત્તે ધનવંતરી ઓડિટોરિયમ હોલ, જામનગર ખાતે વિવિધ ૨૧ સેવા પ્રકલ્પો અંતર્ગત વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળા નં. ૧૮, જામનગરને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે CET, Gyan Sadhana, PSE અને ગખખજ્જમાં શ્રેષ્ઠતમ પરિણામ મેળવી રાજ્ય મેરીટમાં સ્થાન પ્રાપ્ત કરવા બદલ તેમજ જામનગર જિલ્લાની બેસ્ટ શાળા તરીકે સન્માનિત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ, ધારાસભ્યઓ, મેયર, ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો તેમજ વિવિધ યુનિયનના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાના મુખ્ય શિક્ષક દિપક પાગડાનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળા નં. ૧૮ના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવી શાળાનું નામ જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ ગૌરવવંતુ બનાવ્યું છે. મુખ્ય શિક્ષક શ્રી દિપક પાગડાએ જણાવ્યું હતું કે, આ સન્માન માત્ર મુખ્ય શિક્ષકનું નહીં પરંતુ સમગ્ર શાળા પરિવારનું સન્માન છે. વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોનું માર્ગદર્શન, વાલીઓનો સહકાર અને સમગ્ર શાળા પરિવારના સંયુક્ત પ્રયાસોના પરિણામે આ ગૌરવ પ્રાપ્ત થયું છે. શાળા નં. ૧૮ને મળેલા આ ગૌરવપૂર્ણ સન્માનથી વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## કાલાવડમાં ખેતરમાં કામ કરતા ખેડુતને હાર્ટએટેક

**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડ તાલુકામાં ખેતરમાં પાણીની મોટર ચાલુ કરી ખેતરમાં જતા એક શ્રમિકને અચાનક હાર્ટ એટેક આવતાં બેભાન થઈ ઢળી પડ્યા બાદ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવ અંગે કાલાવડ ટાઉન પોલીસે અકુદરતી મોતની નોંધ કરી તપાસ શરૂ કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ કાલાવડ રણુજા રોડ ઉપર ધનાભાઈ કોઠારીની વાડીમાં તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ બપોરે આશરે પોણા બે વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો. કુંભનાથપરા, વેલનાથ ચોક, કાલાવડ ખાતે રહેતા ૪૮ વર્ષીય ગોપાલભાઈ જીવાભાઈ ઝીંઝુવાડીયા ખેતરમાં પાણી માટેની મોટર ચાલુ કરી ખેતર તરફ જતા હતા. દરમિયાન તેમને અચાનક હાર્ટ એટેક આવતા તેઓ બેભાન થઈ જમીન પર ઢળી પડ્યા હતા. બનાવની જાણ થતાં પરિવારજનો તથા અન્ય લોકો તેમને સારવાર માટે લઈ ગયા હતા, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના ભાઈ શૈલેષભાઈ જીવાભાઈ ઝીંઝુવાડીયાએ કાલાવડ ટાઉન પોલીસમાં જાણ કરતાં પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૯૪ મુજબ અકુદરતી મોત નંબર ૨૦/૨૦૨૬ તરીકે નોંધ કરી છે. સમગ્ર બનાવની તપાસ કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. વી.ડી. ઝાપડીયા ચલાવી રહ્યા છે.

## ખંભાળિયામાં વક્ફ માર્ગદર્શન સેમિનાર

### સુન્ની મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી-જામનગર અને નેશનલ એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ-જામખંભાળિયાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સેમિનારમાં વક્ફ સંબંધિત મહત્વપૂર્ણ માહિતી અને માર્ગદર્શન અપાયું

**સમય સંદેશઃ જામનગર**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વક્ફમાં નોંધાયેલા તમામ ટ્રસ્ટોના મુતવલ્લીઓ માટે રવિવારે જામ ખંભાળિયા ખાતે વક્ફ માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં મુતવલ્લીઓ ઉપસ્થિત રહ્યા હતા. વક્ફ સંબંધિત વિવિધ પ્રક્રિયા, જવાબદારીઓ, જરૂરી દસ્તાવેજીકરણ તેમજ અન્ય મહત્વપૂર્ણ બાબતો અંગે ઉપસ્થિત મુતવલ્લીઓને વિસ્તૃત માહિતી અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સેમિનારનું આયોજન સુન્ની મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, જામનગર અને નેશનલ એજ્યુકેશન એન્ડ વેલફેર ટ્રસ્ટ, જામ ખંભાળિયા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

સેમિનાર દરમિયાન ઉપસ્થિત મુતવલ્લીઓએ વક્ફ સંબંધિત વિવિધ મુદ્દાઓ અંગે માર્ગદર્શન મેળવ્યું હતું અને કાર્યક્રમને સારો પ્રતિસાદ મળ્યો હતો.

આ પ્રસંગે એડવોકેટ હાજી હસન ભંડેરીએ સેમિનારને સફળ બનાવવા ઉપસ્થિત રહેલા તમામ મુતવલ્લીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## અનુસંધાન

### મેઘાની સટાસટી

(પાના નં. ૪ થી આગળ)

ઈંચ સહિત સાર્વત્રિક વરસાદ નોંધાયો છે.

બીજી તરફ, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ ગણેશ ચતુર્થીના પાવન પર્વથી મેઘમહેર જોવા મળી છે. છેલ્લા ૨૪ કલાકમાં ભાણવડ અને ખંભાળિયામાં ૨-૨ ઈંચ, કલ્યાણપુરમાં સવા ઈંચ અને દ્વારકામાં એક ઈંચ વરસાદ થયો છે. આ વરસાદથી મુરઝાતી મોલાત અને અબોલ પશુઓના ઘાસચારાને સંજીવની મળતાં ધરતીપુત્રોમાં આનંદ વ્યાપી ગયો છે. દરમિયાન દ્વારકામાં ફુંકાયેલા સુસવાટા મારતા ભારે પવનના કારણે સુરક્ષાના ભાગરૂપે દ્વારકાધીશ જગતમંદિરના શિખર પર અડધી કાઠીએ ધ્વજારોહણ કરવાની ફરજ પડી હતી. હવામાન સામાન્ય થતાં જ ધ્વજાજી પુનઃ સંપૂર્ણ ઊંચાઈએ રોપવામાં આવશે.

### ડિઝલ કૌભાંડ

(પાના નં. ૪ થી આગળ)

મરીન પોલીસની ટીમે પંચોની હાજરીમાં ચેરના જંગલોમાં દરોડો પાડતાં ડીઝલના બેરલો સાથે સલાયામાં રહેતો નવાઝ અબ્બાસ રાજા નામનો શખ્સ રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પોલીસની આ સફળ કામગીરીમાં પી.આઈ. એસ.આર. ખરાડી, એ.એસ.આઈ. વેજાણંદ માયાણી, હેડ કોન્સ્ટેબલ ઓમદેવસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા અને મિલન કંડોરિયા જોડાયા હતા. ગેરકાયદેસર ડીઝલ કૌભાંડનો પર્દાફાશ થતાં સલાયામાં આ પ્રકારનો કાળો કારોબાર આચરતા ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### ડ્રગ્સ ઝડપાયું

(પાના નં. ૪ થી આગળ)

ઉત્તરપ્રદેશના અજીતસિંહ સુરેન્દ્રસિંહ યાદવ અને વેદપ્રકાશ પ્રમોદકુમાર મિશ્રા તેમજ બિહારના રહેવાસી વિશાલકુમાર મુરેન્દ્રગીરીનો સમાવેશ થાય છે. આ ત્રણેય ઈસમો કાનાલુશ ગામમાં ગોપાલભાઈ ગોહિલની ઓરડી ભાડે રાખીને ગાંજાના જથ્થાનું વેચાણ કરવાની વેતરણમાં હતા, ત્યારે જ પોલીસે દરોડો પાડીને તેમના મનસૂબા પર પાણી ફેરવી દીધું હતું.

આ સમગ્ર મામલે મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં ગાંજાનો આ જથ્થો ઓડિશાના અરૂણકુમાર નામના શખ્સ દ્વારા સપ્લાય કરવામાં આવ્યો હોવાનું ખૂલતાં પોલીસે મૂળ સપ્લાયર અને તેના અન્ય એક સાગરિતને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### વૈકલ્પિક માર્ગની હાલત

(પાના નં. ૪ થી આગળ)

ગુણવત્તાયુક્ત કરવામાં આવી હતી તે અંગે પણ ચર્ચા શરૂ થઈ છે. ઓવરબ્રિજનું નવું કામ, વૈકલ્પિક માર્ગ અને વરસાદ બાદ દેખાયેલી તિરાડો સમગ્ર કામગીરીની ગુણવત્તા સામે હવે સવાલ ઊભો થયો છે. તંત્ર દ્વારા તાત્કાલિક સ્થળની તપાસ કરી તિરાડો અને બેસી ગયેલા ભાગનું સમારકામ કરવામાં આવે અને માર્ગ વાહનચાલકો માટે સંપૂર્ણપણે સુરક્ષિત બનાવવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

### ખનન ઝડપાયું

(પાના નં. ૪ થી આગળ)

કબજે કર્યા હતા. પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, મેવાસા ગામનો દેવશી સામત વરવારીયા નામનો શખ્સ ખાટલા ધાર સીમ વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીની જગ્યામાંથી હિટાચી મશીન વડે બોક્સાઈટનું ગેરકાયદે ખનન કરાવી રહ્યો હતો. ખનીજ કાઢ્યા બાદ તેને ડમ્પરમાં ભરીને પોતાની માલિકીના કીલન ખાતે લઈ જઈને જથ્થો ઠાલવવામાં આવતો હતો. એલસીબીની ટીમે સ્થળ પરથી હિટાચી મશીન અને ડમ્પર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવી હતી.

આ બનાવ અંગે એલસીબી પોલીસે બોક્સાઈટનું ખનન થતું હતું તે સ્થળ તથા ખનીજનો જથ્થો જ્યાં ખાલી કરવામાં આવતો હતો તે સ્થળ અંગે આગળની દંડકીય કાર્યવાહી માટે ખાણ-ખનીજ વિભાગને જાણ કરી હતી. એલસીબી દ્વારા કરવામાં આવેલા રિપોર્ટના આધારે ખાણ-ખનીજ વિભાગે તાત્કાલિક સ્થળ તપાસ હાથ ધરીને ગેરકાયદે બોક્સાઈટના જથ્થાને સીઝ કરવાની કામગીરી શરૂ કરી છે.

### ગોલ્ડન ગર્લ્સ

(પાના નં. ૩ થી આગળ)

સ્કૂલ, જામનગરની પ્રતિભાશાળી ખેલાડી દેવાંશી પાગડાનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

દેવાંશીએ કરાટે ક્ષેત્રે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી સુવર્ણ ચંદ્રક મેળવવા ઉપરાંત રાષ્ટ્રીય સ્તરના બેસ્ટ કરાટે એથ્લેટ એવોર્ડથી પણ સન્માનિત થઈ જામનગરનું ગૌરવ વધાર્યું છે. દેવાંશીની રમતગમત ક્ષેત્રેની આ સિદ્ધિઓને બિરદાવતાં મહાનુભાવોના હસ્તે તેમને એવોર્ડ ટ્રોફી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### આશીર્વાદનો દીવડો

(પાના નં. ૧ થી આગળ)

અને સુવ્યવસ્થિત બનાવવા માટે કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યાની અધ્યક્ષતામાં એક મહત્વની સમીક્ષા બેઠક સંપન્ન થઈ હતી. બેઠકમાં પૂર્વતૈયારીઓની સમીક્ષા સાથે જ નાગરિકોની સલામતી અને સુવિધાઓનું પ્રાથમિકતાથી ધ્યાન રાખવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડીયા, ડીડીઓ સુશ્રી નિશા, એડિશનલ કલેક્ટર વિમલ ચૌધરી તેમજ શહેરની સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નગરજનો આ ઉજવણીમાં સરળતાથી ભાગ લઈ શકે તે માટે મહાનગરપાલિકા તંત્ર દ્વારા વિશેષ ભેટ આપવામાં આવી છે, જે અંતર્ગત ૧૭ સપ્ટેમ્બરે સાંજે ૫:૦૦ થી ૯:૦૦ કલાક સુધી રણમલ તળાવમાં તમામ નાગરિકો માટે પ્રવેશ વિનામૂલ્યે રાખવામાં આવ્યો છે. જામનગર જિલ્લા પ્રશાસન દ્વારા શહેરના તમામ શ્રેષ્ઠીઓ, યુવાનો અને ભાવિકોને આ ભવ્ય દીપ ઉત્સવમાં જોડાવા અને આશીર્વાદનો દીવડો પ્રગટાવી કાર્યક્રમને યાદગાર બનાવવા માટે ભવ્ય આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### દ્વારકાધીશ જગત મંદિર

(પાના નં. ૧ થી આગળ)

થયા હતા. મુખ્ય દ્વાર પર કડક સિક્યુરિટી ચેકિંગ અને સુરક્ષા કર્મચારીઓની સતત હાજરી વચ્ચે કેમેરો કે મોબાઇલ અંદર કેવી રીતે પહોંચ્યો, તેને લઈને તંત્ર સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

સોશિયલ મીડિયા પર ફોટા વાયરલ થતાં જ ભાવિકો દ્વારા તીખી પ્રતિક્રિયાઓ આપવામાં આવી રહી છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો સામાન્ય ભક્તો માટે નિયમો કડક હોય, તો સેલિબ્રિટીઝને આવી વિશેષ છૂટછાટ કોણે આપી? શું મંદિરના સુરક્ષા નિયમો માત્ર સામાન્ય શ્રદ્ધાળુઓ પૂરતા જ સીમિત છે, તેવા અનેક સવાલો સાથે તંત્રના બેવડા ધોરણો સામે રોષ વ્યક્ત થઈ રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જન્માષ્ટમી ઉત્સવ દરમિયાન સુરતના એક યુટ્યુબરે મંદિર અંદરનો વિડિયો વાયરલ કરતા પોલીસે તાત્કાલિક ઇગજની કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધ્યો હતો. ત્યારે હવે લોકગાયિકા કિંજલ દવે સામે પણ યુટ્યુબરની જેમ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી જોરદાર માંગણી ઉઠવા પામી છે.

### સમૂહ જનોઈ યોજાઈ

(પાના નં. ૩ થી આગળ)

સમાજના યુવાનોની જહેમતથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આયોજનથી લઈ વ્યવસ્થા સુધી સમાજના યુવાનો અને હોદેદારોએ સેવાભાવે જવાબદારી નિભાવી હતી.સમૂહ જનોઈ પ્રસંગ દ્વારા નવી પેઢીને વૈદિક પરંપરા અને ધાર્મિક સંસ્કારો સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર પ્રસંગ આનંદમય અને ધાર્મિક માહોલમાં સંપન્ન થયો હતો.

## રૂ.૨,૦૦૦ સુધીના UPI અને RuPay વ્યવહારો પર કોઈ સૂરચાર્જ નહીંઃ કેન્દ્ર સરકારનું મોટું આશ્વાસન

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે બેંકો કે પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર્સ રૂ.૨,૦૦૦ સુધીના યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ વ્યવહારો પર કોઈપણ પ્રકારની ફી વસૂલ કરી શકશે નહીં. આ જ નિયમ હેઠળ RuPay ડેબિટ કાર્ડ દ્વારા કરવામાં આવતી રૂ.૨,૦૦૦ સુધીની ચુકવણી પણ તદ્દન મફત રહેશે. નાણા મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફ ફાઇનાન્સિયલ સર્વિસીસ દ્વારા જારી કરવામાં આવેલા ગેઝેટ નોટિફિકેશન અનુસાર, RuPay ડેબિટ કાર્ડ્સ અને રૂ.૨,૦૦૦ સુધીના UPI ટ્રાન્ઝેક્શન્સને સત્તાવાર રીતે 'ઇલેક્ટ્રોનિક ચુકવણી મોડ્સ' તરીકે સૂચિત કરવામાં આવ્યા છે.

પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭ હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને સરકારે કડક નિર્દેશ આપ્યા છે કે કોઈપણ બેંક કે ઓપરેટર આ સુવિધાનો ઉપયોગ કે સ્વીકાર કરતી વ્યક્તિ પાસેથી પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે કોઈ ચાર્જ વસૂલ નહીં કરી શકે. નાણા મંત્રાલયે ઉમેર્યું હતું કે તાજેતરના કાયદાકીય સુધારા બાદ ડિજિટલ ટ્રાન્ઝેક્શન પર ચાર્જ લાગવાની જે અટકળો ચાલી રહી હતી, આ નિર્ણયથી તે અંગેની તમામ ગેરસમજ અને ચિંતાઓ દૂર થઈ ગઈ છે.

ગ્રાહકો માટે 'પર્સન-ટુ-પર્સન' વ્યવહારો સંપૂર્ણપણે મફત રહેશે તેમજ વેપારીઓ માટે પણ નાના વ્યવહારો પર મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ થશે નહીં. ભવિષ્યમાં જો કોઈ ચોક્કસ મર્યાદાથી વધુ રકમના મર્ચેન્ટ ટ્રાન્ઝેક્શન પર તબક્કાવાર ખૂબ જ નજીવો MDR લાગુ કરવામાં આવે, તો પણ તે સામાન્ય ડેબિટ કે ક્રેડિટ કાર્ડ પર વસૂલાતા MDR દર કરતાં ખૂબ જ ઓછો હશે. આમ, દેશમાં ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે પારદર્શિતા અને પ્રોત્સાહન જાળવી રાખવા માટે સરકારે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

# હાલાર પંથકમાં ગણેશોત્સવઃ પૂજન-અર્ચન, મોદક ભોગ અને કૃત્રિમ કુંડમાં વિસર્જનની પ્રક્રિયા શરૂ

## મૂર્તિઓ અને પ્રસાદમાં મોંઘવારીની અસર છતાં અન્નકૂટ મનોરથ, પદયાત્રીઓની સુરક્ષા અને શાંતિ સમિતિની બેઠક સાથે શ્રદ્ધાળુઓમાં ઉમંગ








તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર તથા ખંભાળિયા પંથકમાં ગણેશ મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ રહી છે. ખંભાળિયાની રામનાથ સોસાયટી ખાતે બથીયા ચોકમાં સોનાના વરખથી સજાવેલા ''સાળંગપુર કષ્ટભંજન દેવ સ્વરૂપ વિઘ્નહર્તા'' ગજાનન મહારાજની પ્રતિમા સ્થાપિત કરાઈ છે, જ્યાં સાત દિવસીય મહોત્સવ અંતર્ગત મંગળવારે દીપમાળા દર્શન તથા બુધવારે મહાઆરતી અને ૫૬ ભોગના દર્શનનું આયોજન કરાયું છે. તહેવાર શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે એસપી ડો. રવિ મોહન સૈનીના અધ્યક્ષસ્થાને આયોજકો અને શાંતિસમિતિ સાથે બેઠક યોજાઈ હતી, જ્યારે જામનગર હોમગાર્ડ દ્વારા સપડા ગણપતિ મંદિરે પગપાળા જઈ રહેલા ભાવિકો માટે રેડિયમ રિફ્લેક્ટર બેલ્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. બીજી તરફ, કાચા માલના ભાવ અને મજૂરી વધતાં ગણેશજીના શણગાર, પ્રતિમાઓ તથા મોદક-પ્રસાદના ભાવમાં ૨૦ થી ૩૦ ટકાનો તોતિંગ વધારો નોંધાયો છે. માટીની મૂર્તિઓ રૂ. ૩૦૦ થી ૭૦૦ અને કલરફુલ મૂર્તિઓ રૂ. ૩,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી વેચાઈ રહી હોવા છતાં ભક્તોના ઉત્સાહમાં કોઈ ઓટ આવી નથી. દ્વારકા નજીક નટેશ્વર મહાદેવ મંદિર પટાંગણમાં સિદ્ધ ગણપતિજીને ૧,૫૫૧ મોદકનો ભોગ ધરાવી ભવ્ય અન્નકૂટ મનોરથ યોજાયો હતો. દરમિયાન, જામનગર મહાનગરપાલિકા દ્વારા પર્યાવરણની જાળવણી અર્થે એરપોર્ટ રોડ અને રણજીત સાગર રોડ પર નિર્મિત ૫૦ મીટર લાંબા કૃત્રિમ વિસર્જન કુંડ ખાતે બીજા દિવસથી જ પૂજન-અર્ચન સાથે મૂર્તિ વિસર્જનની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

# જામનગરમાં પેલેસ દેરાસરમાં ભવગવાનને સોનાની આંગી






તસવીરઃ હિરેન ગાંધી




જામનગરમાં પર્યુષણ પર્વના પાંચમાં દિવસે મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે જામનગર ખાતે આવેલ પેલેસ જૈન દેરાસર ખાતે મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાન સોનાના વરખની આંગી તથા ફુલ થી સુશોભિત કરેલ તેમજ દીવાની રોશની  દેરાસર જગમગી ઉઠ્યું. પર્યુષણ પર્વના પાંચમા દિવસે મહાવીર ભગવાન ના જન્મ કલ્યાણ નિમિત્તે જામનગર ખાતે આવેલ પેલેસ જૈન દેરાસર ખાતે મૂળનાયક શ્રી મહાવીર ભગવાન દર્શનાર્થે તેમજ ભાવના માં બોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકા લાભ લીધેલ. જૈન સમાજના મહાન પર્વ પર્યુષણના અંતિમ દિવસે તપસ્વીઓના ઉપવાસ પૂર્ણ થયેલ શોભાયાત્રારૂપે વરઘોડાનું પણ આયોજન છે.

# જામનગરમાં કાયદો અને વ્યવસ્થાને ખુલ્લેઆમ પડકારતા માથાભારે તત્વો

## શહેરના ઢીંચડા વિસ્તારમાં રહેતા યુવકને કપડા ઉતરાવી વીડિયો બનાવાયોઃ બળજબરીથી રૂ.૬ હજાર પડાવી લીધા બાદ યુવકની એકટીવા અને મોબાઈલમાં તોડફોઃ જાનથી મારી નાખવાની ધમકી પણ આપીઃ ચાર શખ્સો સામે નોંધાઈ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ઢીંચડા વિસ્તારમાં રહેતા ૧૮ વર્ષીય યુવક પર ચાર શખ્સોએ હુમલો કરી લૂંટ ચલાવી નગ્ન વીડિયો ઉતાર્યાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. તીરૂપતી વિસ્તારમાં રહેતા યશપાલસિંહ જાડેજા નામના યુવકે દિવ્યરાજસિંહ સરવૈયા, ગૌતમ પરમાર, ધ્રુવરાજસિંહ જાડેજા અને મોહીત ઉર્ફે ઉકડીયો નામના શખ્સો સામે આ અંગે સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. બનાવના દિવસે ફરિયાદી અને તેના મિત્રો એરફોર્સ રોડ પર આવેલા પેટ્રોલ પંપ પાસે એકઠા થયા હતા, જ્યાં અન્ય વ્યક્તિ સાથેની બોલાચાલી બાબતે યુવકે બચાવ કરતાં આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા.

બનાવ દરમિયાન દિવ્યરાજસિંહે દારૂના પૈસાની માગણી કરી ફરિયાદી સાથે કાનૂની અટકચાળો કરી કચડાકૂટ શરૂ કરી હતી. યુવકે પૈસા આપવાની ના પાડતાં ચારેય શખ્સોએ ભેગા મળીને યુવક પર હુમલો કર્યો હતો અને તેના ખિસ્સામાંથી રૂ. ૬,૦૦૦ ની રોકડ રકમ બળજબરીથી કાઢી લીધી હતી. એટલું જ નહીં, આરોપીઓએ બળજબરીથી યુવકના કપડાં કઢાવીને નગ્ન હાલતમાં તેનો વીડિયો ઉતારીને અમાનવીય કૃત્ય આચર્યું હતું. આ ઉપરાંત આરોપીઓએ યુવકના એક્ટિવા સ્કૂટર પર પથ્થરમારો કરી તોડફોડ કરી હતી અને તેનો મોબાઈલ ફોન ફોર્મેટ મારી નીચે પછાડી દઈ નુકસાન પહોંચાડ્યું હતું. યુવકની બૂમાબૂમ સાંભળીને નજીકમાંથી લોકો દોડી આવતાં તેને આરોપીઓના મારથી છોડાવ્યો હતો. જતાં-જતાં ચારેય શખ્સોએ યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે આ સમગ્ર મામલે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# મનપાને સૌથી વધુ કરવેરો ચુકવતા સ્વસ્તિક અને વાલ્કેશ્વરીને જોડતા બધા માર્ગો બન્યા ગાડા માર્ગ

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર શહેરના પોષ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓના અભાવથી સ્થાનિક લોકો ત્રાસદી જેવી પરિસ્થિતિ અનુભવી રહ્યા છે. જે વિસ્તારના લોકો મહાપાલિકાને સૌથી વધુ કરેવરા મનપાની તીજોરીમાં આપે છે, એવા સ્વસ્તિક સોસાયટી વિસ્તારમાં ખડખડધજ બની ગયેલા રસ્તા પરક મોટા ખાડા અકસ્માતને આમંત્રણરૂપ બની રહ્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે, શહેર-જિલ્લાના માર્ગની સ્થિતિનું જે પણે સરકારી કચેરીમાં સંબંધિત અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી તેવા સાંસદ પૂનમબેન માડમ પણ અહીં જ વસવાટ કરે છે, સાથે જ શહેરના પ્રતિષ્ઠિત વેપારીઓ-ઉદ્યોગપતિઓનો પણ રહેઠાણ અહીં જ આવેલા છે. મનપાના તંત્રનો આ વિસ્તારને એવો કડવો અનુભવ છે કે અહીં સામાન્યના વરસાદના પગલે વરસાદી પાણી ઘરોમાં-બંગલાઓમાં ઘુસી જવાની સમશ્યા તો તંત્ર વર્ષોથી ઉકેલી શકતું નથી.

# ધ્રોલની યુવતી જામનગરની કોલેજ જવાનું કહી ઘરેથી નિકળ્યા બાદ ગુમ

**સમય સંદેશઃ ધ્રોલ**



જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ખારવા ગામે રહેતા મૂળ મોટા ઇટાળા ગામના રહીશ પાર્વતીબેન જયંતીભાઈ રાઠોડની ૧૯ વર્ષીય પુત્રી રચનાબેન જયંતીભાઈ રાઠોડ કોલેજમાં અભ્યાસ કરે છે. રચનાબેન તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે આશરે સાત વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી જામનગરની એ.કે. દોશી કોલેજમાં જવાનું કહીને નીકળી હતી. જોકે ત્યારબાદ તે ઘરે પરત ફરી ન હતી. પરિવારજનોએ આસપાસ તથા સગાસંબંધીઓમાં શોધખોળ કરવા છતાં તેનો પત્તો નહીં લાગતા ધ્રોલ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. આ અંગે ધ્રોલ પોલીસે ગુમ નોંધ કરી તપાસ હાથ ધરી છે.

# જામજોધપુર વિસ્તારમાં બે સ્થળે જુગાર દરોડાઃ ૧૧ શખ્સો ઝડપાયા



**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર પંથકમાં પોલીસે બે અલગ-અલગ સ્થળોએ દરોડાની કાર્યવાહી કરી જુગાર રમતા ૧૧ શખ્સોને પકડી પાડી કુલ રૂ. ૧,૫૯,૪૨૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પ્રથમ દરોડામાં શેઠવડાળા પોલીસે માંડાસણ ગામમાં ૬૬ કે.વી. સબસ્ટેશન પાછળ સરકારી ખરાબામાં ઝાડીઓની આડમાં ચાલતા જુગાર પર દરોડો પાડ્યો હતો. જ્યાંથી પોલીસે ઇરફાનભાઈ સમા, જખરાભાઈ ખુટી, રણમલભાઈ ઓડેદરા અને ચંદુભાઈ જાદવ નામના ૪ શખ્સોને ઝડપી લીધા હતા. તેમની પાસેથી રોકડા રૂ. ૧,૪૨,૫૦૦, રૂ. ૬,૦૦૦ ની કિંમતના ૨ મોબાઈલ અને ગંજીપત્તા મળી કુલ રૂ. ૧,૪૮,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

બીજા બનાવમાં જામજોધપુર પોલીસે રામવાડી ઉમા પાર્ક-૨ વિસ્તારમાં સ્ટ્રીટલાઈટના અજવાળે તીનપત્તીનો જુગાર રમતાં સાત શખ્સો સામે કાર્યવાહી કરી હતી. જેમાં રસિકભાઈ ઉર્ફે શોભરાજભાઈ દવે, કનૈયાલાલ મકવાણા, જયેશભાઈ કણસાગરા, ઉજાલભાઈ ફળદુ, નીતાબેન ચાગેલા, રીનાબેન વૈષ્ણાણી અને લીલીબેન મકવાણા નામના શખ્સોને ઝડપી લીધા હતા/નોટિસ આપી હતી. પોલીસ ટીમે સ્થળ પરથી રોકડા રૂ. ૧૦,૯૨૦ તથા ગંજીપત્તાના પાના મળી કુલ રૂ. ૧૦,૯૨૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરની ગોલ્ડન ગર્લ્સ દેવાંશીનું શિક્ષણ મંત્રીના હસ્તે સન્માન કરાયું



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ધનવંતરી ઓડિટોરિયમ હોલ ખાતે શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાના જન્મદિવસ નિમિત્તે ૨૧ સેવા પ્રકલ્પો અને વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર પ્રતિભાશાળી ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યસભા સાંસદ, ધારાસભ્યઓ, જામનગરના મેયરશ્રી, ભારતીય જનતા પાર્ટીના આગેવાનશ્રીઓ, વિવિધ સંગઠનના પદાધિકારીઓ, હોદ્દેદારઓ તેમજ વિવિધ સામાજિક અને સેવા સંસ્થાઓના પ્રતિનિધિશ્રીઓ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જે.ડી. ધોળકિયા

અનુ પાના નં.૨ પર

# જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાના જન્મદિને 'શ્રી સિદ્ધનાથ ચેરિટેબલ ટ્રસ્ટ'નું ઉદઘાટન અને રક્તદાન કેમ્પ યોજાયો

## બાપુ બાપુજી સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ સેવાકીય પહેલને બિરદાવી




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાના જન્મદિવસ નિમિત્તે 'શ્રી સિદ્ધનાથ ચેરિટેબલ ટ્રસ્ટ'ના ભવ્ય ઉદઘાટન સમારોહની સાથે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે આનંદબાવા સેવા સંસ્થાનના મહંત દેવપ્રસાદજી મહારાજે ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. જન્મદિનની ઉજવણીને તહેવાર કે ભપકાના બદલે માનવસેવાના કાર્યો સાથે જોડીને સમાજ ઉપયોગી ટ્રસ્ટનો પ્રારંભ કરવામાં આવતાં ઉપસ્થિત તમામ અગ્રણીઓએ આ સરાહનીય પહેલને મુક્તકંઠે બિરદાવી હતી.

આ કાર્યક્રમમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા (બાપુ), પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, જામનગરના પૂર્વ સાંસદ વિક્રમ મેડમ, રાજ્યના પૂર્વ મંત્રી હકુભા જાડેજા તથા પૂર્વ ધારાસભ્ય બ્રિજરાજસિંહ જાડેજા સહિતના અનેક રાજકીય, સામાજિક અગ્રણીઓ અને દિલધડક કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં શ્રીમાળી સામવેદી બ્રાહ્મણ સમાજ દ્વારા સમૂહ જનોઈ યોજાઈ

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં શ્રીમાળી સામવેદી બ્રાહ્મણ સમાજ દ્વારા સમૂહ જનોઈ પ્રસંગનું ભક્તિપૂર્ણ અને પરંપરાગત વાતાવરણમાં આયોજન કરવામાં આવ્યું હતું. વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ સાથે યજ્ઞોપવીત સંસ્કાર સંપન્ન કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગમાં સમાજના વડીલો, યુવાનો, પરિવારજનો અને સમાજબંધુઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સનાતન પરંપરા, સંસ્કાર અને સામાજિક એકતાનો સુંદર સંદેશ પ્રસરી રહ્યો હતો.

શ્રીમાળી સામવેદી બ્રાહ્મણ સમાજના પ્રમુખ હરેશભાઈ ઓઝાની આગેવાની હેઠળ સમાજના હોદ્દેદારો તેમજ

અનુ પાના નં.૨ પર

# વોર્ડ નં.૧માં ઉભરાતી ગટરની સમસ્યા યથાવત

**સમય સંદેશઃ જામનગર**



જામનગર મહાનગરપાલીકાના વોર્ડ નં. ૧  છેલ્લા ઘણા દિવસોથી ગટર સફાઈની ખુબ જ ગંભીર સમસ્યા છે.આ વિસ્તારમાં ઓપન ગટર, પાઈપ ગટર અને ભૂગર્ભ ગટર તમામ છલકાઈ ગયેલ છે અને ઘર સુધી ભરાઈ ગયેલ છે. અમે વારંવાર રજૂઆત કરવા છતાં સફાઈ કર્મચારીઓ ૪-૫ દિવસે આવે છે. આવે છે ત્યારે પણ પૂરું કામ કર્યા વગર જતા રહે છે કે ક્યાંય જતા રહે છે. જો રોજ સફાઈ માટે આવે તો ગટરો છલકાય જ નહીં. વોર્ડમાં રોજ ગટર સફાઈ માટે માણસો મોકલવામાં આવે જેથી આ જંજટ કાયમ માટે મટી જાય.આ બાબતે અનેક વાર રજૂઆત કરી છે,આ બાબતે તાત્કાલિક ધ્યાન આપી, વોર્ડ નં. ૧ માં રોજ ગટર સફાઈની વ્યવસ્થા કરવામાં આવે અને પાણીની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે. જો તાત્કાલિક કાર્યવાહી નહિ થાય તો ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરવાની ફરજ પડસે. તેવી ચીમકી સામાજિક કાર્યકર અનવર સંઘાર ઉચ્ચારી છે.

# જામનગર-દ્વારકા જિલ્લામાં મેઘાની સટાસટી: કેનાલ સાફ કરવા ગયેલું જેસીબી કાદવમાં ખૂંપ્યું

## જામનગરમાં પોણા છ ઈંચ વરસાદથી રણમલ તળાવમાં નવા નીરની આવક, દ્વારકામાં ભારે પવનને પગલે જગતમંદિરે અડધી કાઠીએ ધ્વજારોહણ











તસવીર: હિરેન ગાંધી





**સમય સંદેશ: જામનગર**

જામનગર શહેર અને સમગ્ર જિલ્લામાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ મેઘમહેર કરી છે. જામનગર શહેરમાં મોડી રાત્રે ધમાકેદાર પોણા છ ઈંચ (૧૪૨ મિમી) વરસાદ વરસી જતાં નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા હતા, જેના કારણે રણમલ તળાવમાં નવા નીરની આવક શરૂ થઈ છે. દરમિયાન કાલાવડ નાકા બહાર આવેલી કેનાલમાં કચરાના કારણે પાણીનો નિકાલ રૂંધાતાં મનપા તંત્ર દ્વારા સાફ-સફાઈ માટે મોકલેલું જેસીબી કાદવમાં ઊંડે ખૂંપી ગયું હતું. તેને બહાર કાઢવા મોકલાયેલું બીજું જેસીબી પણ ફસાઈ જતાં ભારે મથામણ બાદ બંને મશીનરી બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લાના જોડિયામાં ૩ ઈંચ, જામજોધપુરમાં અઢી ઈંચ, ધ્રોલમાં સવા બે ઈંચ અને મોટી બાણુગારમાં ૪

અનુ પાના નં.૨ પર

# સલાયા મરીન પોલીસ દ્વારા ગેરકાયદેસર ડિઝલ કૌભાંડનો પર્દાફાશ

## નવનિયુકત પીઆઈ એસ.આર.ખરાડીએ ૬૦૦ લીટર ડીઝલના જથ્થા સાથે એકને દબોચી લીધો

**સમય સંદેશ: સલાયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નાથ બાંધવા માટે એસપી જયરાજસિંહ વાળાની આપેલી કડક સૂચનાઓ અંતર્ગત સલાયા મરીન પોલીસે મોટી સફળતા મેળવી છે. મરીન પોલીસના પેટ્રોલીંગ દરમિયાન સલાયામાં ચાલતું ગેરકાયદેસર ડીઝલ વેચાણ કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું છે. પોલીસે દરોડા દરમિયાન ૬૦૦ લીટર ડીઝલના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડી રૂ. ૫૪,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.




બનાવની વિગત મુજબ, સલાયા મરીન પોલીસ સ્ટેશનના નવનિયુક્ત પી.આઈ. એસ.આર. ખરાડીના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન પોલીસ કર્મચારી ઓમદેવસિંહ જાડેજા અને ધર્મેન્દ્રસિંહ જાડેજાને સંયુક્ત રાહે ચોક્કસ બાતમી મળી હતી કે સલાયાના શફી ઢોરા વિસ્તારમાં આવેલા ચેરના જંગલોમાં ગેરકાયદેસર ડીઝલનો જથ્થો છુપાવીને તેનું વેચાણ કરવાની પેરવી ચાલી રહી છે. બાતમીના આધારે

અનુ પાના નં.૨ પર

# જોગવડ બાદ લાલપુરના કાનાલુસમાંથી ડ્રગ્સ ઝડપાયું

## મેઘપરમાંથી ચાર દિવસ અગાઉ માદક દ્રવ્ય હેરોઈન ઝડપાયા બાદ કાનાલુસ ગામે વાડીની ઓરડીમાંથી પોણા બે કિલો ગાંજો સાથે ત્રણ શખ્સ પકડાયા



તસવીર: હિરેન ગાંધી

**સમય સંદેશ: જામનગર**

મેઘપર પોલીસ મથક હેઠળના જોગવડમાં માદક પદાર્થ ઝડપાયા બાદ હવે લાલપુર તાલુકાના કાનાલુશ ગામમાંથી નશીલા પદાર્થ ગાંજાનો જથ્થો પકડાતાં ચકચાર મચી છે. કાનાલુશ ગામમાં આવેલી રહેણાંક ઓરડીમાં ભાડે રહીને ગાંજાનું વેચાણ કરવાની પેરવી થઈ રહી હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે દરોડા સ્થળેથી ત્રણ શખ્સોને દબોચી લઈ રૂ. ૮૯,૭૫૦ ની કિંમતનો ૧.૭૯૫ કિલો ગાંજો તથા અન્ય સામગ્રી મળી કુલ રૂ. ૧,૦૪,૭૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસે ઘટનાસ્થળેથી ઝડપી પાડેલા આરોપીઓમાં મૂળ

અનુ પાના નં.૨ પર

# કલ્યાણપુરનાં મેવાસાની સિમમાંથી બોક્સાઈટનું ગેરકાયદે ખનન ઝડપાયું




**સમય સંદેશ: કલ્યાણપુર**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગેરકાયદે ખનીજ ખનન અને વહન સામે એલસીબી પોલીસે લાલ આંખ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે. એલસીબીની ટીમ રાત્રિના સમયે નાઈટ પેટ્રોલિંગમાં હતી ત્યારે કલ્યાણપુર તાલુકાના મેવાસા ગામની સીમમાં ગેરકાયદે બોક્સાઈટનું ખનન થતું હોવાની ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી બોક્સાઈટના ગેરકાયદે ખનન અને વહનમાં ઉપયોગમાં લેવાતું હિટાચી મશીન અને ટાટા કંપનીનું ડમ્પર મળી બંને વાહનો

અનુ પાના નં.૨ પર

# લ્યો બોલો... જામનગરમાં કાલાવડ નાકા બહાર છ ઈંચ વરસાદમાં જ વૈકલ્પિક માર્ગની હાલત બગડી

## નવનિર્મિત ઓવરબ્રિજ પાસે જમીન બેસતા લાંબી તિરાડો પડતાં પોલ ખુલી

**સમય સંદેશ: જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

જામનગરના કાલાવડ નાકા બહાર નવનિર્મિત ઓવરબ્રિજ પાસે વાહનવ્યવહાર માટે બનાવાયેલા વૈકલ્પિક માર્ગની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. શહેરમાં પડેલા આશરે છ ઈંચ વરસાદ બાદ જ રસ્તાની સાઈડમાં જમીન બેસી જતા લાંબી અને મોટી તિરાડો જોવા મળી રહી છે.

ઓવરબ્રિજની કામગીરીને કારણે વાહનચાલકોને અવરજવર માટે વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. પરંતુ વરસાદ બાદ આ જ માર્ગની સાઈડનો ભાગ બેસી જતાં રસ્તાની ધાર પર તિરાડો પડી છે. કેટલીક



તસવીર: હિરેન ગાંધી

જગ્યાએ તિરાડો લાંબી હોવાના કારણે માર્ગની મજબૂતી અને ટકાઉપણાને લઈને સવાલો ઊભા થયા છે. માત્ર છ ઈંચ વરસાદમાં જ રસ્તાની સાઈડ બેસી ગઈ તો આગામી દિવસોમાં ભારે વરસાદ પડે ત્યારે શું સ્થિતિ સર્જાશે? તેવો સવાલ હવે વાહનચાલકોમાં ઉઠી રહ્યો છે. ખાસ કરીને રસ્તાની બાજુનો ભાગ વધુ ધોવાઈ કે બેસી જાય તો વાહનો માટે અકસ્માતનું જોખમ ઊભું થઈ શકે છે.

વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરતા વાહનચાલકો માટે રસ્તો સુરક્ષિત હોવો જરૂરી છે. ત્યારે રસ્તો બનાવ્યા બાદ વરસાદી પાણીના નિકાલ, સાઈડની માટીનું યોગ્ય કોમ્પેક્શન અને માર્ગની મજબૂતીની કામગીરી કેટલી

અનુ પાના નં.૨ પર

# મેયર અને ચેરમેનના પોતાના વોર્ડમાં રસ્તાનું કામ અધૂરૂં: વાણંદ શેરીમાં રહીશો પરેશાન

**સમય સંદેશ: જામનગર**

જામનગરના પંચેશ્વર ટાવર નજીક આવેલી વાણંદ શેરીમાં છેલ્લા બે મહિનાથી રોડનું કામ કરવાના બહાને રસ્તો ખોદી નાખ્યા બાદ કામ અધૂરું છોડી દેવાતાં સ્થાનિક રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ વિસ્તાર મેયર અને શાસક પક્ષના ચેરમેનના



તસવીર: હિરેન ગાંધી

પોતાના જ વોર્ડમાં આવતો હોવા છતાં તંત્ર દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી. રસ્તો ખોદી નાખવાના કારણે ગટરો છલકાઈ રહી છે અને વિસ્તારના લોકોને પોતાના વાહનો ઘરો સુધી લઈ જવામાં તથા પગપાળા અવરજવર કરવામાં ભારે અગવડતાનો સામનો કરવો પડી રહ્યો હોવાની ફરિયાદો ઉઠી છે.

# કોર્ટમાં બનાવટી વીમા પોલીસી રજૂ કરી છેતરપીંડી મામલે નોંધાયો ગુન્હો

**સમય સંદેશ: જામનગર**


જામનગરમાં અકસ્માત વળતર મેળવવા અંગેના કોર્ટ કેસમાં અસલ વીમા પોલિસીમાં છેડછાડ કરી બનાવટી પોલિસી તૈયાર કરવામાં આવી હોવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. બનાવટી પોલિસીને કોર્ટમાં સાચી તરીકે રજૂ કરવામાં આવી હોવાની ફરિયાદ ગો ડિજિટ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીના સિનિયર એસોસિયેટ નિસાર ફતેહમામદ જાડેજાએ અમરેલીના જેસીંગપરા વિસ્તારમાં રહેતા યુવરાજસિંહ દાદુભા જાડેજા સામે પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે.

બનાવની વિગત મુજબ, મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ, જામનગરના કેસ સંબંધિત દસ્તાવેજો ચકાસણી માટે ઈન્સ્યોરન્સ કંપની પાસે આવ્યા હતા. તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ થયેલા અકસ્માત અંગે સંડોવાયેલા ટ્રક નંબર ઋઉ-૧૪-ડ-૫૭૪૦ ની વીમા પોલિસી (નંબર ૭૦૧૯૧૫૫૧૫૨) કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. આ પોલિસીમાં વીમાની મુદત તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૩થી તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીની દર્શાવવામાં આવી હતી.

જોકે, આ પોલિસીની વિગતો અંગે શંકા જતાં કંપનીએ પોતાના અસલ રેકર્ડમાં તપાસ કરી હતી. ચકાસણી દરમિયાન સામે આવ્યું કે આ પોલિસી નંબરની અસલ મુદત તા. ૧૦ જુલાઈ, ૨૦૨૦થી તા. ૯ જુલાઈ, ૨૦૨૧ સુધીની જ હતી. આમ, અસલ પોલિસીની વેલિડિટી પૂરી થઈ ગઈ હોવા છતાં, સમયગાળો અને અન્ય વિગતો બદલીને કૂટલેખન દ્વારા નવી બનાવટી પોલિસી તૈયાર કરવામાં આવી હતી. અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને વળતર ચૂકવવાની આર્થિક જવાબદારીમાંથી બચવાના મલિન હેતુથી આ પ્રકારની બનાવટી વીમા પોલિસી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હોવાનું સામે આવતાં પોલીસે ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.



વિશેષ અહેવાલ
પાના નં.૩ ઉપર



તસવીર: હિરેન ગાંધી

# જામનગરમાં મહાનગરપાલિકા દ્વારા બે કૃત્રિમ કુંડ ખાતે ગણેશ વિસર્જન પ્રક્રિયા શરૂ કરાઈ

જામનગર શહેરમાં ગણેશ મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી વચ્ચે પર્યાવરણની જાળવણીના હેતુથી મહાનગરપાલિકા દ્વારા નિર્મિત કૃત્રિમ કુંડ ખાતે ગણેશજીની મૂર્તિઓના વિસર્જનનો પ્રારંભ થઈ ગયો છે. મનપાના પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ વિભાગ દ્વારા એરપોર્ટ રોડ અને રણજીત સાગર રોડ પર આવેલા સરદાર રિવિરા સોસાયટી નજીક આશરે ૫૦ મીટર લાંબા, ૨૦ મીટર પહોળા અને ૧૦ ફૂટ ઊંડા બે વિશાળ કૃત્રિમ કુંડ તૈયાર કરવામાં આવ્યા છે, જ્યાં શ્રદ્ધાળુઓ અને મંડળો માટે પૂજા-અર્ચના, આરતી તેમજ સુરક્ષિત વિસર્જન માટે પાણી, લાઈટિંગ અને પાર્કિંગ સહિતની સુવિધાઓ ગોઠવવામાં આવી છે. તંત્ર દ્વારા નદી કે તળાવ જેવા પ્રાકૃતિક જળાશયોના બદલે આ શ્રદ્ધાપૂર્વક નિર્માણ કરાયેલા કૃત્રિમ કુંડનો ઉપયોગ કરવા જનતાને ખાસ અપીલ કરવામાં આવી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com